મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૨ ટકા
ગાંધીનગર તાપમાન

આજથી જૈનોના પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨

આવતીકાલ તા.૩જી સપ્ટેમ્બર શુક્રવારથી જૈનોના મહાપર્વ પર્યુષણનો પ્રારંભ થઈ રહ્યો છે. શહેરમાં શ્રી ગાંધીનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે.૨૨ના જૈન દેરાસર ખાતે ચાતુર્માસ અર્થે બિરાજમાન રાષ્ટ્રસંત પૂ.પદ્મસાગરજી મહારાજના સાનિધ્યમાં સમગ્ર પર્યુષણ પર્વ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન સે.૨૨ના જૈન દેરાસર ખાતે યોજાનાર ધાર્મિક કાર્યક્રમોમાં પર્યુષણ કર્તવ્ય તથા વધામણાં, અષ્ટાન્હિકા પ્રવચન, કલ્પસૂત્ર વાંચન, મહાવીર સ્વામી જન્મ વાંચન, ચૌદ સ્વરૂપના દર્શન, અષ્ટમંગલ તથા કલ્પવૃક્ષના દર્શન, સંઘ જમણ, ગણધરવાદ પ્રવચન, સ્થવિરાવલી વાંચન, બારસાસુત્ર વાંચન, પ્રભુદર્શન ચૈત્યવંદન, સંવત્સરી પ્રતિક્રમણ અને સામુહિક ક્ષમાપના, તપસ્વીઓના સામુહિક પારણાં તેમજ તપ અનુમોદનાની શોભાયાત્રા અને સંઘ સ્વામિવાત્સલ્ય વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

કુડાસણ ખાતે નીચાણવાળા ભાગમાં વરસાદી પાણી ભરાયું

ન્યુ ગાંધીનગર વિસ્તાર કુડાસણ ખાતે રોડ નીચાણવાળા ભાગમાં હોવાથી વરસાદનું પાણી ભરાઈ જાય છે અને તેનો નિકાલ થતો નથી. આ વિસ્તારોમાં રોડની કામગીરી પણ બરાબર નથી. વરસાદનું પાણી ભરાવાથી મચ્છરજન્ય રોગ પણ વધી રહ્યા છે. તેથી આ વિસ્તારના સ્થાનિકોએ યોગ્ય સુવિધાની માંગ સરકાર સમક્ષ રજૂ કરી છે.

વાસણીયા મહાદેવ ખાતે શિવ-વિવાહ મહોત્સવ

ગાંધીનગર, તા. ૨

શ્રી વાસણીયા મહાદેવ ખાતે ભારતી બાપુ આજે કથામાં શિવ-વિવાહ મહોત્સવની ઉજવણી કરાવશે. શ્રી વાસણીયા મહાદેવમાં ચાલી રહેલ શિવકથામાં મા બહુચરનો આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં કડીથી રાધા-કૃષ્ણ મંડળે ગરબો કરાવ્યો હતો. અમાસ સુધી ચાલનારી શિવકથા બપોરે ૩ થી ૬ સુધી યોજાય છે. આ કથાનું સુંદરધામ ભારતીબાપુ યુટ્યૂબ ચેનલમાં લાઈલ પ્રસારણ થાય છે. વાસણ ગામે સૌ શિવ ભક્તોને નિમંત્રણ આપવા જણાવાયુ હતુ.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેકટર-૨૮ ગાંધીનગર ખાતે આદરણીય કૈલાશદીદીજીની અધ્યક્ષતામાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી કરાઈ હતી. જેમાં કૈલાશદીદીજી સાથે કેપિટલ ઓફસેટ્સના માલિક ભ્રાતા રમેશભાઈ પટેલ શ્રી કૃષ્ણની નવી દુનિયાનું આહવાન કરી રહ્યા છે.

શહેરમાં નવજાત શિશુઓને ઉદગમ ટ્રસ્ટ 'ગોદડી' પુરી પાડશે

ગાંધીનગર, તા.૨

નવજાત શિશુના જન્મ સાથે જ સૌથી પહેલાં એને ગોદડીની જરૂર પડે છે. ગાંધીનગરમાં જરૂરીયાતમંદ પરિવારના નવજાત શિશુ માટે ઉદગમ ટ્રસ્ટે 'પ્રોજેક્ટ ગોદડી'નું આયોજન કર્યુ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરીજનોને તૈયાર નાની ગોદડીઓ અથવા ઘરમાં પડેલા વપરાશની કોટનની ચાદર, સાડી અથવા મોટી સાઈઝના બીન વપરાશી ઓશિકાના કવર સંસ્થાને દાન કરવા સંસ્થા દ્વારા જાહેર વિનંતી કરવામાં આવી છે. જો ૫૦થી વધારે નંગ ભેગા કરીને જાણ કરાશે તો સંસ્થા દાતાના રહેઠાણથી એકત્ર કરવાની સેવા આપશે. ગોદડી અથવા તેનું મટિરિયલ દાન આપવા ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના સેક્ટર ૮ સી માં પોલીસ ચોકી સામે પ્લોટ નંબર-૮૧૮ ખાતે પહોંચાડવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. આ ઉપરાંત દાતાઓ સંસ્થાના પ્રોજેક્ટ ગોદડી માટે દાન કરવા સે.૨માં આશાબેન સરવૈયાનો મો.નં.૯૮૨૫૩, સે.૩૦માં વૈજયંતીબેન ગુમેનો મો.નં.૯૬૩૮૩ ૯૩૭૭૯, સે.૮માં ડો. મયુર જોષીનો મો.નં. ૯૪૨૭૩ ૮૦૭૮૮ અથવા સે.૨૦માં મનોજ જોષીનો મો.નં.૯૮૨૫૪ ૪૭૭૩૩ પર સંપર્ક સાધી શકશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

સેકટર -૫ એ પંચમુખી મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે લઘુરુદ્રનું આયોજન

ગાંધીનગર, તા.૨

સેકટર-૫-એ પંચમુખી મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં આજે અગિયારસના દિવસે રાધાકૃષ્ણ મંડળના બહેનો તથા મંદિરના સભ્યો દ્વારા લઘુરુદ્રનું આયોજન કરાયું હતું. આ મહાપુજામાં મોટી સંખ્યામાં બહેનોએ ભક્તિ ભાવથી ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા નિરૂબેન નાયક તથા મંદિરના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. પુજનવિધીમા આચાર્ય શાસ્ત્રી શ્રી સમીરભાઈ દ્વારા પુજન વિધી કરાવવામાં આવી હતી. સમગ્ર શ્રાવણ માસમાં બહેનો દ્વારા સવારે શિવમહિમ્ન સ્ત્રોતનો પાઠ કરી પુજન વિધી કોરોના ગાઈડલાઈનનું પાલન કરી કરવામાં આવે છે. મંદિર ખાતે સેકટરની ધર્મપ્રેમી જનતા દ્વારા તમામ ધાર્મિક ઉત્સવો ભક્તિ ભાવથી ઊજવવામાં આવે છે.

આજે સે-૩ ન્યુ ખાતે કોવીડ રસીકરણનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ ખાતે સરકારી દવાખાનામાં તા.૩-૯-૨૧ ના રોજ સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન કોવીડ રસીકરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ રસીકરણ કાર્યક્રમમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના તમામ લાભાર્થીઓને પ્રથમ ડોઝ આપવામાં આવશે. વેકિસન લેવા માટે આવનાર તમામ લાભાર્થીઓએ આધારકાર્ડ કે મતદાર કાર્ડ સાથે લઈને આવવું. કોવિશિલ્ડ વિક્સનના પ્રથમ ડોઝ ના ૮૪ દિવસ બાદ જ બીજો ડોઝ આપવામાં આવશે.

શિહોલી મોટી ગામે ચાર શખ્સોએ યુવકને ગડદા-પાટુનો માર માર્યો

ગામના યુવકને જાતિ વિષયક અપશબ્દો તેમજ ગાળો બોલીને માર મારતાં ફરીયાદ

ગાંધીનગર, તા.૨

ચિલોડા પાસે આવેલા શિહોલી મોટી ગામે અગાઉ થયેલી બોલાચાલીની અદાવત રાખીને ગામના યુવકને જાતિ વિષયક અપશબ્દો તેમજ ગાળો બોલીને ચાર શખ્સોએ ગડદા પાટુનો માર મારતા ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાહુલ રોહિતભાઈ સોલંકી (ઉં.૨૪, રહે.વણકરવાસ પ્રાથમિક શાળાની પાછળ) પરિવાર સાથે રહે છે અને શિહોલી ગામના પાટીયા પાસે આવેલી શિવમ ગ્રેનાઈટ ફેક્ટરીમાં મજુરી કરી ગુજરાન ચલાવે છે. ગત તા.૧૯-૮-૨૧ ના રોજ રાતના આશરે સાડા નવ વાગે ફરીયાદી પોતાના ઘરેથી બાઈક લઈને મસાલો ખાવા માટે ગયો હતો. તે સમયે દિનેશભાઈના ઠાકોરના બાબારી પાન પાર્લર પાસે બાઈક પાર્ક કર્યુ હતું. તે સમયે મોટી શિહોલી ગામના રવિભાઈ રમણભાઈ પટેલ ફરીયાદી પાસે ગયો હતો જાતિ વિષયક શબ્દો બોલી ગાળાગાળી કરવા લાગ્યો હતો.તે દરમિયાન રવિ પટેલનું ઉપરાણુ લઈને કેતન રમણભાઈ પટેલ, રમણભાઈ નારણભાઈ પટેલ, તેમજ સંદિપભાઈ કાંતિભાઈ પટેલ આવી પહોંચ્યા હતા.તે સમયે કેતનભાઈએ ફરીયાદીના બાઈકની ચાવી કાઢી લીધી હતી. સંદિપભાઈ તેમજ રમણભાઈ ફરીયાદીને પકડી રાખ્યો હતો.તે સમયે રવિ રમણભાઈ પટેલ તેમજ કેતન રમણભાઈ પટેલ શરીરે ગડદા પાટુનો માર માર્યો હતો. તે દરમિયાન જીવ બચાવવા માટે ગામ તરફ ગયો હતો. તે સમયે ગામના એક વ્યકિતના ઘરે સંતાઈને ફરીયાદીએ નાનાભાઈને કોલ કરીને ઉપરોકત વ્યકિતઓએ માર માર્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ જીઈબી બોર્ડ પાછળના ભાગે હાઈ વે પર ગયો હતો. ત્યાં ધવલ દહેગામથી આવતા અને તેની સાથે મારા મામાનો દિકરો ઘરે રોકાયો હતો. તે સમયે ફરીયાદી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. ત્યારબાદ મોટી શિહોલી ગામના ચાર શખ્સો સામે ગામના યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પી.કે. ચૌધરી કોલેજ દ્વારા જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ

ગાંધીનગર, તા.૨

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ચાલા એન.એસ.એસ. યુનિટ દ્વારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ.ના કો. ઓર્ડિનેટર ડૉ. સજ્જનબેન ચૌધરી, ડૉ. તારાબેન દેસાઈ તથા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. ચૌધરી દ્વારા ઝુંપડપટ્ટી વિસ્તારમાં નાના બાળકો, માતાઓ, બહેનોને કપડાં, નાસ્તો, અનાજ જેવી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓ પણ જોડાઈ હતી.

આજે આપ પાર્ટીનું પ્રદેશ ડેલિગેશન રાજયપાલને મળશે

ખાનગી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓની અડધી ફી માફ કરાવવા અને ખેડૂતોની માગણીઓ સંદર્ભે વાત કરશે

ગાંધીનગર, તા.૨

આમ આદમી પાર્ટીએ જણાવ્યું છે કે પાર્ટી ગુજરાતની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ગુજરાતમાં છેલ્લાં દિવસોથી વરસાદ હાથતાળી આપી રહ્યો છે ત્યારે ખેડૂતોને કાયદેસર સરકારની જાહેરાત અનુસાર મળવી જોઈતી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના, એસ.ડી.આર.એફ.ની યોજનાઓના અમલ વિષે ગુજરાત સરકાર મૌન છે. દુષ્કાળ મેન્યુઅલ ભૂલાયું છે, તે સાથે કોરોના મહામારીના કારણે ધંધા-રોજગાર ભાંગી પડ્યા છે અને જનતા પાસે પોતાનું ગુજરાન ચલાવવાના પૈસા પણ નથી એવી પરીસ્થિતિમાં ખાનગી શાળાની ફી તો વાલીઓ કેવી રીતે ભરી શકશે? આ સ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાનની ખાનગી શાળા-કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ૫૦ ટકા ફી માફ કરવા બાબતે આમ આદમી પાર્ટી ગુજરાત ડેલિગેશન સરકારની સંવેદનાને ઢંઢોળવા માટે આવતી કાલે સાંજે પાંચ વાગે ખેડૂતોની માગણીઓ અને સરકારની યોજનાઓના અમલ માટે રાજયના રાજયપાલને મળીને રજૂઆત કરશે.

ભાદરવી પૂનમના પગલે અંબાજી પગપાળા સંઘની પદયાત્રાનો પ્રારંભ

જગતદેવી મા અંબાના પગપાળા સંઘની શરૂઆત થઈ ગઈ છે. ભાદરવા સુદ એકમે મા અંબાના દરબારમાં ધજા ચઢશે. કોરોનાને લીધે સૌ પ્રથમવાર વહેલા સંઘની શરૂઆત કરવામાં આવી છે. ગાંધીનગરથી અંબાજી જતા પગપાળા પદયાત્રીઓ જોવા મળી રહ્યા છે.

નવનિયુકત મુખ્ય સચિવની શુભેચ્છા મુલાકાત લેતું બ્રહ્માકુમારીનું પ્રતિનિધિ મંડળ

ગાંધીનગર, તા.૨

પંકજકુમાર (આઈ.એ.એસ.)ની નિયુકિત ગુજરાત રાજયના મુખ્ય સચિવ પદ પર થતાં અઢળક શુભેચ્છાઓ આપવામાં આવી હતી. ડૉ. બી.કે. મૃત્યુજંય (બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય માઉન્ટ આબુ, કાર્યકારી સચિવ), કૈલાશદીદી (ગાંધીનગર સેવા કેન્દ્ર સંચાલિકા), બી.કે. તારાબેન (ચિલોડા સેવાકેન્દ્ર સંચાલિકા), બી.કે. રંજનબેન (ઉર્જાનગર સેવા કેન્દ્ર સંચાલિકા) દ્વારા ઈશ્વરીય શુભ ભાવના, શુભ કામના સહ આશીર્વાદ સભર પુષ્પગુચ્છ, મોમેન્ટોથી સ્વાગત અભિવાદન કરી પ્રભુ પ્રસાદથી નવ નિયુકત મુખ્ય સચિવનું મુખ મીઠું કર્યું હતું.

શહેર વસાહત મહામંડળ દ્વારા અંતિમધામ ખાતે પાંચમીએ પ્રાર્થના સભા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પમીના રોજ સ્વજનોના અસ્થિની પુષ્પાંજલિ કરવામાં આવશે. મહમંડળના સેવા સૈનિકો અસ્થિ લઈ હરિદ્વાર જવા પ્રસ્થાન કરશે તેથી સે-૩૦ અંતિમધામ ખાતે સવારે ૯.૧૫ કલાકે પ્રાર્થનાસભામાં સ્વજનોને સહભાગી થવા માટે ઉપસ્થિત રહેવા જણાવાયું હતું. આ અસ્થિકુંભ લઈને ઉદયભાઈ ત્રિવેદી, કરસનભાઈ પરમાર હરિદ્વાર ખાતે વિધિપૂર્વક ગંગાતટે વિસર્જન કરશે. જેનું સમગ્ર સંચાલન અંતિમધામ પરિવાર, વસાહત મંડળના સેવા સૈનિકો અરૂણ બુચ, શશીકાંત મોઢા, કિશોર જીકાદરા, પ્રદિપ સોલંકી, નિલેન્દુ વોરા, ભાનુભાઈ દવે, જીલુભા ધાંધલ સહીત કરી રહ્યા છે. અને ૧૯૯૬થી આજ સુધી ૪૦,૦૦૦ અસ્થિ વિસર્જન પવિત્ર ગંગામાં કરી ચુકયા છે.

આજે અજા એકાદશી

જન્મ-મરણના ચકમાંથી મુકિત અપાવે છે આ વ્રત

ગાંધીનગર, તા.૨

આખા વર્ષમાં કુલ ૨૪ એકાદશી આવે છે. અજા એકાદશી માન્યતાઓ અનુસાર પાછલા જન્મના પાપોમાંથી મુકિત અપાવે છે.

હિન્દુ ધર્મમાં એકાદશીને ખૂબ મહત્વની માનવામાં આવે છે. એકાદશીના દિવસે ભકતો ભકિતભાવથી ભગવાન વિષ્ણુની પુજા કરે છે. શ્રાવણની કૃષ્ણ એકાદશીને અજા એકાદશી તરીકે ઓળખવામાં આવે છે તેને આનંદા એકાદશી પણ કહેવાય છે. આ એકાદશીનું વ્રત કરવાથી વિષ્ણુ લોકની પ્રાપ્તિ થાય છે એવું પણ માનવામાં આવે છે કે અજા એકાદશીનું વ્રત કવાથી વ્યકિતને 'અશ્વમેધ યજ્ઞ' સમાન ફળ મળે છે.

અજા એકાદશી વ્રતનું શુભ મુહુર્ત

આ વખતે અજા એકાદશી ૨જી સપ્ટેમ્બરની સવારે ૬.૨૧ થી શરૂ થશે અને ૩જી સપ્ટેમ્બરની સવારે ૭.૪૪ મિનિટ સુધી રહેશે. ઉપવાસના પારણાનો સમય ૪ સપ્ટેમ્બરની સવારે ૮.૨૩ વાગ્યાનો છે.

અજા એકાદશીના રોજ ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી બધા કષ્ટોથી મુકિત મળે છે. શાસ્ત્રો મુજબ આજના જ દિવસે રાજા હરિશચંદ્રએ આ વ્રત કરીને પોતાનો ગુમાવેલો પરિવાર અને સામ્રાજય પરત મેળવ્યું હતું. આ દિવસે ઉપવાસ કરવો ખુબ જ શુભ માનવામાં આવે છે.

શ્રાવણ માસમાં જેમ શિવ ઉપાસનાનો મહિમા છે, શ્રાવણીયા સોમવારે વ્રતનો મહિમા છે તે જ રીતે શ્રાવણ માસની એકાદશીની પણ આગવી જ મહત્તા છે. એમાં પણ શ્રાવણમાસના વદ પક્ષની એકાદશીના વ્રતનું એક આગવું જ મહત્વ રહેલું છે. અજા એકાદશીના વ્રતથી સમસ્ત પાપોનો નાશ થઈ જાય છે. ભગવાનને પ્રિય ગાય તેમજ વાછરડાની પણ પૂજા કરવી જોઈએ તેમજ ગોળ અને ઘાસ ખવડાવવા જોઈએ.

આર.જી. અને એસ.બી. પટેલ શાળામાં ઓગસ્ટ માસની વિવિધ પ્રવૃત્તિઓ

ગાંધીનગર, તા.૨

શાળામાં 'ફિટ ઈન્ડિયા' અંતર્ગત ઓગષ્ટ માસની વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આ પ્રવૃત્તિઓ બે ભાગમાં વહેંચાયેલી હતી. (૧) ફ્રીડમ રન ઈન્ડિયા અને (૨) માનસિક સ્વસ્થ્ય. જેમાં દેશભકિતના ગીતોનું આયોજન શાળાની વિદ્યાર્થીનીઓએ સુંદર અવાજમાં રજુ કર્યા હતા. કવીઝ, માનસિક સ્વાસ્થ્ય સ્વસ્થ બને તેવી પ્રવૃત્તિઓ, યોગાસન, માર્શલ આર્ટ, પ્રાણાયામ, ધ્યાન, માઈન્ડફુલનેસ પ્રવૃત્તિઓ શાળામાં કરાવી હતી તેમજ પ્રવૃત્તિઓના માનસિક ફાયદા વિશે વિસ્તૃત સમજ આપી હતી. શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષીએ આ પ્રવૃત્તિઓ રોજિંદી જીવનશૈલીનો ભાગ બને તે માટે યોગ્ય વકતવ્ય આપ્યું હતું. જે વિદ્યાર્થીનીઓ ઓફલાઈન કાર્યક્રમમાં ન જોડાઈ શકયા હોય તેમને ઓનલાઈન વકતવ્ય અને ચર્ચા સાથે સમજાવ્યા હતા. આ તમામ પ્રવૃત્તિઓ ગિતેષભાઈ પટેલ (આચાર્ય)ના સહકારથી થઈ હતી. તમામ પ્રવૃત્તિઓનું આયોજન અને સંકલન શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. શાહ ગુલાબ ચમુના,** ઉ.વ. ૪૯, વાવોલ
- **સ્વ. શ્રીમાળી ભારતીબેન નાગરદાસ,** ઉ.વ. ૭૧, સેકટર-૨૪
- **સ્વ. પટેલ સવિતાબેન રાજેશભાઈ,** ઉ.વ. ૪, સરગાસણ
- **સ્વ. ચાવડા ગોબરજી દલુજી,** ઉ.વ. ૮૯, બિલોદરા

જન્મદિને વધામણી

ડો. રાજેશભાઈ બી શાહ
ટ્રેઝરર અને ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૨૫૦ ૦૮૬૩૦

કનુભાઈ શીવલાલ શાહ
શ્રી વિનય ટ્રેડર્સ
મો. ૯૯૨૫૦ ૧૨૪૮૬

સોનીભાઈ સાબુવાળા
મો. ૯૪૨૭૪ ૧૮૨૪૪

વેન્સી કલ્પેશકુમાર પટેલ

ફૈઝાન
મો. ૯૩૨૭૧ ૩૨૩૮૯

રૂદ્રરાજસિંહ રણવીરસિંહ સોલંકી
મો. ૭૬૯૮૪ ૭૩૫૦૭